## ગુજરાત સરકાર

ક્રમાંકઃ જજઅ-૧૦-૨૦૧૨/૩૫૪૦૨૮/છ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૯-૧૨-૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૩૦.૧૦.૨૦૦૯નો કચેરી હુકમ ક્રઃશશય/૧૦-૨૦૦૯/૧૨૫૪/છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૪.૭.૨૦૦૯નો કચેરી હુકમ ક્રઃ જજઅ/૧૦-૨૦૦૯/૬૬૪/છ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર નો તા.૨૦.૮.૨૦૧૨નો પત્ર ક્રઃસસુખા/સીપીડી/૨૦૧૧-૧૨/ફા.૩૩-૨/૧૫૭ તથા તા.૧૨-૧૨-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ સસુખા-સીપીડી-૨૦૧૧-૧૨-ફા.૩૩/૨/૨૫૪.

**કાર્યાલય આદેશઃ-**

જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૦૦ની કલમ-૪૧(૪)ની જોગવાઇ તેમજ બાળકોને દત્તક આપવા અંગેની ભારત સરકારની ગાઇડ લાઇન્સ, ૨૦૧૧ ( Guidelines Governing the Adoption of Children, 2011 ) ના ફકરા-૫૬ ની જોગવાઇઓને અધિન નીચે જણાવેલ સંસ્થાઓને દેશમાં બાળકોને દત્તક (In-Country Adoption) આપવાની કામગીરી કરવા માટે વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક – (૧) તેમજ ક્રમાંક-(૨)ના આદેશ થી આપવામાં આવેલ માન્યતાની મુદત પૂર્ણ થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા તેઓના વંચાણ-(૩) થી નિરીક્ષણ / તપાસ અહેવાલ અન્વયે કરાયેલ ભલામણ અન્વયે પુખ્ત વિચારણાને અંતે જે તે સંસ્થાના નામ સામે સૂચવ્યા મુજબ વધુ ૫ વર્ષ સુધીના સમયગાળા પ્રમાણે માન્યતા આથી લંબાવી આપવામાં આવે છે.

| ક્રમાંક | સંસ્થાનું નામ અને સરનામું. | છેલ્લી મુદત પૂર્ણ થયા તારીખ. | મુદત વધારવાનો સમયગાળો. |
|---|---|---|---|
| ૧. | મિશનરીઝ ઓફ ચેરીટી, ભીમજીપુરા, નવા વાડજ, અમદાવાદ. | તા.૩૦-૬-૨૦૧૨ | તા.૨૯-૬-૨૦૧૭. |

-૨-

| | | | |
|---|---|---|---|
| ૨. | શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર, એરોડ્રામ રોડ, ભુજ, જિ. કચ્છ. | તા.૨૩-૫-૨૦૧૨ | તા.૨૨-૫-૨૦૧૭. |

ઉકત સંસ્થાને જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ-૨૦૦૦ની જોગવાઇઓ તેમજ ભારત સરકારની ગાઇડ લાઇન્સ, ૨૦૧૧ ( Guidelines Governing the Adoption of Children, 2011 ) મુજબની કામગીરી કરવાની રહેશે અને માન્યતા મુદત પુરી થતાં પહેલાં માન્યતાની મુદત લંબાવવા માટે સરકારની મંજૂરી મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. પી. નાયી )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ
-મા.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી
-નિયામકશ્રી, સમાજ સુરક્ષા, જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૯, ગાંધીનગર.
-કલેક્ટરશ્રી, અમદાવાદ / કચ્છ-ભૂજ.
-મંત્રીશ્રી, મિશનરી ઓફ ચેરીટી, નવા વાડજ, અમદાવાદ.
-શ્રી કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર, ભુજ, જિ. કચ્છ.
-સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધીકારીશ્રીઓ (મારફતેઃ નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
-નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ
-સીલેકટ ફાઇલ.